SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-3, April-May-June : 2025
Published by Rangmati Publication https://www.rangmatipublication.com/

# દ્રૌપદી નવલકથામાં મનોવિશ્લેષણવાદ

પૂનમ ફેફર

## સારાંશ:

પ્રાચીન કાળથી ચાલી આવતી ભારતીય કાવ્યતત્વ વિચારણા અને પાશ્ચાત્ય કાવ્ય મીમાંસાની વિશિષ્ટ પરંપરાએ સાહિત્ય જગતમાં સતત એક નવોઉન્મેષજગાડવાનું કાર્ય કર્યું છે. ભારતીય અને પાશ્ચાત્ય વિચારકો દ્વારા જે સાહિત્યનાં સિદ્ધાંતો સ્થપાયા છે એ સાહિત્યસર્જનની સમજ મેળવવી અતિઆવશ્યક બની રહેછે. પાશ્ચાત્ય મીમાંસામાં સમયાંતરે સતત અવનવા સાહિત્ય સિદ્ધાંતો પ્રસ્થાપિત થતાં રહ્યાં છે. તેમાં આધુનિકતાના પગરણની સાથે અન્ય કેટલીક નવી વિચારધારાઓ પણ પ્રગટી છે.જેમાં એક મહત્ત્વની વિચારધારા છે 'મનોવિશ્લેષણવાદ.' મહાન માનસશાસ્ત્રી એડમન્ડફ્રોઈડે કરેલા માનવ મન વિશેના સંશોધનની ફળશ્રુતિ રૂપે મનોવિશ્લેષણવાદ આપણને મળે છે.ફ્રોઈડે કરેલાં માનવ મનવિશેનાં આ સંશોધને માનવજાતની વિચારદિશા જ બદલી નાખી હતી. આ માનવ મનની વિશ્લેષણ પદ્ધતિનો પ્રભાવ સાહિત્ય અને વિવેચન પર પણ પડેલો જોઇ શકાય છે.પાશ્ચાત્ય તેમજ ભારતીય પુરાણકથાઓ, મહાકાવ્યો તેમજ વિવિધ કૃતિઓનાં પાત્રોને મનોવિશ્લેષણ પદ્ધતિથી તપાસવામાં આવ્યા છે. તેના આધારે પાત્રોના માનવચિતના ગહનતમ સંઘર્ષો પ્રગટ થયાછે. તો અહીં મનોવિશ્લેષણવાદ વિષયક ચર્ચા કરી ભારતીય નવલકથા 'દ્રૌપદી'માં મનોવિશ્લેષણવાદ કઈ રીતે પ્રગટે છે તે ચર્ચા કરવાનો ઉપક્રમ છે.

**ચાવીરૂપશબ્દોઃ– ભારતીય, મનોવિશ્લેષણવાદ, સાહિત્ય, સંશોધન, ફ્રોઇડ, કૃષ્ણ, દ્રૌપદી વગેરે**

ફ્રોઈડનું આ સંશોધન પ્રથમ તો ન્યુરોસીસ કે હિસ્ટીરિયાના દર્દીઓની સારવારના ઉપક્રમે જ હતું પરંતુ આ અંગેની ઊંડાણપૂર્વકની તપાસ બાદ સ્વસ્થ માણસની માનસ સ્થિતિ અને એ પછી સાહિત્યસર્જનની કેટલીક ઘટનાઓ પર આ સિદ્ધાંત લાગુ પાડવામાં આવે છે. ફ્રોઈડે આ સંશોધન દરમિયાન માનવ મનના બે પ્રકારોની કલ્પના કરી છે. પ્રથમ ચેતન મન(conscious mind), દ્વિતીય અચેતન મન(Unconscious mind).ચેતન મનની તુલનાએ અચેતન મનનો વિસ્તાર તો મોટો હોય જ છે. એ ઉપરાંત તેની લાગણીઓની તીવ્રતામાં પણ વધુ વેગ જોવા મળે છે. અચેતન મન સાથે સંકળાયેલા કેટલાંક ઘટકો પણ તેમણે રજૂ કર્યા છે. તેની સાથે ફ્રોઈડે માણસના ત્રણ પ્રદેશ કલ્યા ાછે.

1) I'd (ઇડ):- તેઓ અચેતન મનનું મૂળભૂત તત્વ છે. જેમાં વ્યક્તિ પોતાનીઇચ્છા અને સુખની તૃપ્તિ તરત જ ઇચ્છે છે. માનવીની જાતીય ઇચ્છા ઇડનું મુખ્ય ઘટક છે.
2) Ego (અહમ):- એ એક તરફની ઇડનીઇચ્છાઓ માંગણીઓ તરફ ઝુકતો જોવા મળે છે. તો બીજી તરફ તેને superego ના આદેશો અને બાહ્ય વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને વર્તવું પડે છે.
3) Super ego(અતિ અહમ):- આદર્શોમાં માનનારું કાર્યતંત્ર છે. અતિ અહમની પકડ વ્યક્તિના વર્તન ઉપર ઘણી હોય છે.

માનવ મનના આ ત્રણ પ્રદેશો મનોવિશ્લેષણવાદનો પાયો છે. એ ઉપરાંત ફ્રોઈડે સહજ શક્તિના સ્વરૂપને પણ સ્પષ્ટ કર્યું છે. જે જાતીય વૃત્તિ સાથે સંકળાયેલું છે. ફ્રોઈડે ઈડિપસ ગ્રંથિ અને ઇલેક્ટ્રા ગ્રંથિ પર પ્રકાશ પાડીને માનવીના રૂઢીગત ખ્યાલોને મૂળથી ઉખેડી નાખ્યા હતા. માનવ


*પૂનમ એસ. ફેફર, પીએચ. ડી.શોધાર્થી, ગુજરાતી ભાષા–સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, Mo. 9664627446*

મનના વિશ્લેષણનો આ સિદ્ધાંત સમયાંતરે વ્યક્તિના સમાજ અને સંસ્કૃતિ સાથેના સંબંધોનેય સ્પર્શી રહે છે. ફ્રોઈડે માનવ મનનું વિશેષણ કરતી વખતે સાહિત્ય અને કળા વિષયક પ્રસંગોપાત ત્રુટક ત્રુટકવિચારણાઓ કરેલી છે. એ સંદર્ભે ડૉ. પ્રમોદકુમાર પટેલ નોંધે છેઃ

“ફ્રોઈડના મતે કલાકારનું જગત એ તેના દીવા સ્વપ્ન જેવું એક આભાસી જગત છે.એમાં તેના અચેતનની અતૃપ્ત ઇચ્છાઓ અને લાગણીઓની પૂર્તિ થાય છે.બાળક ક્રીડા કરે છે ત્યારે પોતાના કે પોતાના મિત્રો પૂરતું એક કાલ્પનિક જગત રચી લે છે. કલાકાર પણ આવું જ એક કાલ્પનિક જગત ઉપજાવી કાઢે છે.”

ફ્રોઈડના મતે સર્જકનું ચિત્તમનોરુગ્ણત્તાનાં જ વધુ લક્ષણો ધરાવે છે. એ સાથે તેઓ કલાકારની રૂપ નિર્માણની વિશિષ્ટ શક્તિનો નિર્દેશ પણ કરે છે. જોકે તેઓ અસંપ્રજ્ઞતા અચેતન પર વધુ ભાર મૂકે છે.યુંગે ફ્રોઈડના સંપૂર્ણપણે અચેતન મન પર આધારિત સર્જકચિત્તની જે વાત કરી તેનો વિરોધ કરી ‘સામૂહિક અચેતન’નો ખ્યાલ રજૂ કરે છે. એ ઉપરાંત એડલર, હર્ની,ફ્રોમ,સજીવન,રેંક,હર્સ્ટરીડ,કેનેથ ફર્ક,લોરેન્સ જેવા વિદ્વાનોનું કાર્ય મનોવિશ્લેષણ વાદના વિચાર વિસ્તાર માટે મહત્વનું બની રહ્યું છે. મનોવિશ્લેષણ વાદ સાહિત્યજગતમાં નવોન્મેષ તો લાવે છે પરંતુ તેનું મહત્વ સાહિત્યકૃતિના વર્ણન કે અર્થઘટન પુરતું જ છે. કૃતિ મૂલ્યાંકનનું ધોરણ એ બની શકે નહીં. આવી કેટલીક મર્યાદા હોવા છતાં મનોવિશ્લેષણવાદ એ સાહિત્યકૃતિઓનેનવ્ય વિચારધારાથી તપાસવાનું માધ્યમ પૂરું પાડે છે.

ઉપરોક્તમનોવિશ્લેષણવાદ વિષયક ચર્ચા બાદ પ્રતિભારાયકૃત ‘દ્રૌપદી’નવલકથમાં મનોવિશ્લેષણવાદ કઈ રીતે પ્રગટે છે એ અનુસંધાને ચર્ચા કરીએ.

‘દ્રૌપદી’ એ આપણા પૌરાણિક મહાગ્રંથ મહાભારતની મહાન વિદુષી નારી દ્રૌપદીના જીવનને કેન્દ્રસ્થ કરતી નવલકથા છે. ઉડિયા ભાષાની ‘યાજ્ઞસેની’નવલકથાનો જયા મહેતાએ કરેલો અનુવાદ છે. નવલકથાનું કથાનક પ્રથમ પુરુષ એકવચનમાં કહેવાયું છે.દ્રૌપદીના મુખે જ તેનું આંતર જગત દ્રશ્યમાન થાય છે. જીવનની અંતિમ ક્ષણોમાં દ્રૌપદી પોતાના જીવનની વ્યથા પ્રિય સખા કૃષ્ણને પોતાના લોહીથી પત્ર લખીને જણાવે છે. અહીંથી જ નવલકથાનો પ્રારંભ થાય છે. નવલકથામાં દ્રૌપદીની ઉત્પત્તિથી માંડીને મૃત્યુ સુધીના કથાનકને આલેખવામાં આવ્યું છે. જેમાં અનેકવિધ ઘટનાઓનું નિરૂપણ થયું છે.તેમાં યજ્ઞકુંડમાંથી દ્રોપદીની ઉત્પત્તિ, તેના સ્વયંવરનું આયોજન, સ્વયંવરમાં દ્રૌપદી દ્વારા બ્રાહ્મણ વેશધારી અર્જુનને વરમાળા પહેરાવવી, માતા કુંતીના અજાણતા બોલાયેલા આદેશાત્મક શબ્દોને વચન સમજીને તેનો સ્વીકાર કરી પાંચ પાંડવો અને દ્રૌપદીના લગ્ન થવા, પાંડવો દ્વારા ઇન્દ્રપ્રસ્થ નામનું નવું રાજ્ય સ્થાપવું, દામ્પત્ય જીવનને સરળ બનાવવા કૃષ્ણ અને માયાની મદદથી એક વર્ષે એક જ પાંડવની પત્ની બનીને રહેવાનો નિર્ણય લેવો, ગૌરક્ષા માટે સુખી દાંપત્યજીવન અંગે બનાવેલ નિયમોનું અર્જુને કરેલઉલ્લંઘન, માટે અર્જુનને બાર વર્ષનો વનવાસ અને બ્રહ્મચર્યનું પાલન કરવું, અર્જુનના સુભદ્રા સાથેના લગ્ન, રાજસૂય યજ્ઞ દ્વારા યુધિષ્ઠિરનું ચક્રવર્તી રાજા બનવું,ઈર્ષામાં આવીને દુષ્ટ પ્રયોજનથી દુર્યોધનનું યુદ્ધ અને ધૃતક્રીડા માટેનું નિમંત્રણ આપવું,ધૃતક્રીડામાંસમગ્ર સંપત્તિ, ચારેય ભાઈ અને પત્નીને દાવ પર મૂકી હારી જવું,દ્રૌપદીનુંવસ્ત્રાહરણ, પાંડવોનો બાર વર્ષનો વનવાસ અને એક વર્ષનો અજ્ઞાતવાસ, અજ્ઞાતવાસ દરમિયાન પાંડવો અને દ્રૌપદીનું જુદા જુદાવેશ ધારણ કરીને રહેવું અને ત્યારબાદમહાયુદ્ધની તૈયારી, અનેક રાજા-મહારાજાઓ, ગુરુજનો, કૌરવો, પાંડવપુત્રો વગેરે અસંખ્ય યોદ્ધાઓનો નાશ થવો, રોષે ભરાયેલ ગાંધારીનો કૃષ્ણને વંશ નાશનો અભિશાપ આપવો અને અંતે સમગ્ર રાજ્યને છોડીને પાંડવો અને દ્રૌપદીનું હિમાલય તરફનું પ્રયાણ. આમ લેખિકાએ મહાભારતની કેટલીક ઘટનાઓને લઈને તેમજ કેટલીક કાલ્પનિક ઘટનાઓનું નિર્માણ કરીને દ્રૌપદીના જીવનને આલેખવાનો પ્રયત્ન કર્યો છે.

નવલકથાના પ્રારંભ કાળે દ્રુપદ કૃષ્ણ સાથે દ્રૌપદીના લગ્ન કરવાની વાત કરે છે, ત્યારથી જ કૃષ્ણની જીવનગાથાઓએની લીલાઓ વિશે સાંભળીને દ્રૌપદી કૃષ્ણમય બની જાય છે. યુવાવસ્થામાં જે આકર્ષણનું તત્ત્વ માનવ મનમાં પડેલું હોય છે તે અહીં દ્રૌપદીનીસ્થિતિ સંદર્ભે જોઈ શકાય છે.

"નશામાં ઝૂમતી હોઉંએમ હું નિતંબની ના ખોળામાં ઢળી પડી. આખું શરીર થરથરી રહ્યું હતું. હૃદયમાં એક વિચિત્ર આવેગને કારણે સ્પંદન. આવો અનુભવ પહેલી વાર થયો. શું છે આ? કેમ થાય છે આવું ?"

દ્રૌપદી કૃષ્ણ રૂપી સ્વપ્ન લોકમાં વિહરવા લાગે છે. અને આંતર જગતમાં પડેલી ઇચ્છાઓ સ્વપ્ન રૂપે કે દિવાસ્વપ્ન રૂપે બહાર આવતી જોવા મળે છે.

દ્રૌપદીએ જન્મથી માંડીને મૃત્યુ સુધીમાં અનેક અપમાનો અને દુ:ખો સહન કર્યા છે.સ્વયંવરજીતીને અર્જુનદ્રૌપદીસાથે માતા કુંતીના આશીર્વાદ લેવા માટે જાય છે ત્યારે માતા કુંતી વિચાર્યાવગર જ પાંચે ભાઈનેસરખાભાગે વહેંચી લેવા કહે છે. અર્જુન માતાની આજ્ઞાનું પાલન કરવાનુંકહે છે.ત્યારનું દ્રૌપદીને મન:સ્થિતિનું આલેખન જોઈએ.

"પતિની વાત સાંભળીને હુંઆગની જેમ સળગી ઊઠી.મનમાં થયું કે યજ્ઞકુંડની ભભૂકતીજ્વાળા બનીને આ પૃથ્વીનો વિનાશ કરી દઉં અને એમાં જઆ પાંચે ભાઈઓને પણ મેળવી દઉં. એમાં જ આ મારા પતિ પણ મૂઠ્ઠીભર રાખ થઈ જાય તો દુ:ખ નહીં થાય. પોતાનો ધર્મ નાશ પામવાના ભયથી જે પોતાની પત્નીને નિર્વિકાર મનથી અન્ય પુરુષોને આપી દઈ શકે છે એ પૃથ્વીનો શ્રેષ્ઠ ધર્માત્મા હોઇ શકે, પણ ક્યારેય કોઈ વિચારવંત સ્ત્રીનો યોગ્ય પતિન થઈ શકે."

આમ ઉપરોક્ત આલેખનમાં જોઈ શકાય કે દ્રૌપદી ના મનમાં અનેક પ્રશ્નો ઉદભવે છે, મનોમન વિરોધ કરતી પણ જોવા મળે છે. પરંતુ સંપૂર્ણ પણે પોતાના પ્રશ્નો પાંચ પાંડવો સમક્ષ અભિવ્યક્ત કરી શકતી નથી.તેની મનોવેદનાને કોઈ સમજી શકતું નથીએવો દ્રૌપદીને અહેસાસ થાય છે. પરંતુ જ્યારે ભરી સભામાં દ્રૌપદીનું વસ્ત્રાહરણ કરવામાં આવે છે અને પાંચ પાંડવો પણ આ કૃત્ય થવા દે છે ત્યારે દ્રૌપદી બધી જ લાજ શરમ છોડીને સભાજનોને પોતાના અપમાન અંગે ન્યાયની માંગણી કરતી જોવા મળે છે.

" હું કોઈની દયા કે ભીખ નથી માગતી ન્યાય માગું છું. નારીના સન્માનનું રક્ષણ કરવું એ રાજ ધર્મ છે, તો પોતાના વંશની કુળવધુની મર્યાદા ન જાળવવી એ કુરુ રાજાઓને શોભા આપે છે? હું જાણવા માગું છું કે મારા પતિ પોતાને હારી ગયા પછી મને દાવમાં મૂકે, એ શું એમનું ન્યાય સંગત કાર્ય છે."

આમ કેટલાય સમયથી ચિત્તમાં દબાયેલા પ્રશ્નો અને મનોવેદના કૌરવો પોતાની મર્યાદા ઓળંગે છે ત્યારે વિસ્ફોટ રૂપે બહાર આવે છે. મૃત્યુની અંતિમ ક્ષણોમાં જ્યારે દ્રૌપદીનો પગ લપસી જાય છે ત્યારે પાંચેય પાંડવો માંથી એક પણ પાછળ ફરીને તેની સંભાળ લેતા નથી. ત્યારે દ્રૌપદીને પતિ-પત્નીનો સંબંધ જુઠો લાગે છે. જીવનભર પાંચ પતિઓના ચરણોમાં સમર્પિત થઈને દુનિયાના ઉપહાસ, કટાક્ષ સહન કર્યા છતાં મૃત્યુના સમયે તે એકલી જ રહી ગઈ એ પીડા દ્રૌપદી માટે અસહ્ય બની રહી હતી. માનવી જ્યારે કોઈ વ્યક્તિ પાસે પ્રેમની અપેક્ષા રાખે છે, તેના સહયોગની આશા રાખે છે અને જો એ ન મળે ત્યારે તે મનથી જ ભાંગી પડે છે. અને તેને બધું જ વ્યર્થ લાગે છે. અહીં દ્રૌપદીની સ્થિતિ પણ કંઈક આવી જ જોવા મળે છે.

આ ઉપરાંત પણ દ્રૌપદીની સ્વપ્ન સૃષ્ટિ, કલ્પન સૃષ્ટિ તેમજ દમિતઈચ્છાઓનીમૂંઝવણોનું આલેખન લેખિકાએ વિશિષ્ટ રીતે કર્યું છે.

નવલકથામાં આદર્શો, ન્યાય, સત્યના પૂજારી એવા યુધિષ્ઠિરના મનો જગતની વાત કરીએ તો તે આદર્શ વ્યક્તિત્વ ધરાવે છે. પરંતુ તેનામાં રહેલા અતિઅહમને કારણે ઘણી બધી મુશ્કેલીઓનો પણ સામનો કરવો પડે છે. યુધિષ્ઠિર લગ્નની પ્રથમ રાત્રીએદ્રૌપદીનેસ્પર્શ પણ કરતો નથી અને જીવનભર એક પવિત્ર નારી તરીકે રહેવા કહે છે. ત્યારે તેનામાં રહેલી કામવૃત્તિનું નિયંત્રણ જોઈ શકાય છે. પરંતુ આવા વ્યક્તિત્વવાળા પોતાના વર્તન પર નિયંત્રણ હોય છે જે અહીં જોઈ શકાય છે પરંતુ આવા વ્યક્તિત્વવાળા લોકો ક્યારેક આ આદર્શવાદ ના કારણે વિપરીત પરિસ્થિતિમાં દુવિધામાં મુકાઈ જાય છે. જેમ કે યુધિષ્ઠિર દ્રૌપદીના ભરી સભામાં થતા અપમાનને રોકી શકતો નથી. આમ અનાવશ્યક અતિઅહમ જોખમી સાબિત થાય છે.

કર્ણનું પાત્ર પણ આદર્શ વ્યક્તિત્વ ધરાવે છે. પરંતુ બાળપણમાં તેમજ દ્રૌપદી સ્વયંવરમાં એમ અનેકવાર સારથિ પુત્ર કહીને તેને અપમાનિત કરવામાં આવે છે. તેથી તે પોતાની વીરતા, શૌર્યતાનો પરીચય આપી શકતો નથી.આ પ્રકારે અન્યાયને લીધે જ ઘૃણાનો ભાવ મનમાં દબાયેલો હતો તે ધૃત સભામાં દ્રૌપદીને અપમાનિત કરવામાં કોઇ કસર છોડતો નથી. તે જ કારણે તે અર્જુન વધની પ્રતિજ્ઞા પણ લઈ લે છે. શૈશવકાળથી મહાન બાણવીર પ્રસ્થાપિત થવાનું સેવેલ સ્વપ્ન યોગ્યતા હોવા છતાં પૂર્ણ થતું નથી અને સતત તેને અપમાનિત થવું પડે છે તેથી કર્ણ સાચા-ખોટાનો ખ્યાલ ભૂલી જાય છે.

આ ઉપરાંત દુર્યોધન અને દુશાસનના પાત્રોમાં ઇડનું પ્રમાણ વધુ જોવા મળે છે. તેને શૈશવકાળથી જ હસ્તિનાપુરને રાજગાદીનું સ્વપ્ન સેવ્યું હતું. મામા શકુનિની છત્રછાયાને લીધે દુર્યોધન અને અન્ય ભાઈઓમાં દુષ્ટતા અને ઈર્ષાના બીજ રોપાયા હતા. જે ધીમે ધીમે ઉગ્ર બનવા લાગે છે. એટલી હદે તે ઉગ્ર બની જાય છે કે પાંચ પાંડવોના મૃત્યુનું આયોજન કરે છે. દ્રૌપદીનું વસ્ત્રાહરણ અને તેને અપમાનિત કરે છે. આમ શૈશવકાળથી રાજગાદી પર બેસવાની ઇચ્છા દુર્યોધનના આંતર જગતમાં રાગ, દ્વૈષ, દુષ્ટતા, ઈર્ષા, હિંસાનો અતિરેક થાય અનેમહાયુદ્ધમાં પરિણમે છે.

આમ, સમગ્ર નવલકથામાં દરેક પાત્રનુંઆગવું માનસચિત્ર રજૂ થતું જોવા મળે છે. લેખિકાએ દ્રૌપદી તેમજ અન્ય પાત્રોનાં જીવનનું તેમજ તેના ચરિત્રનું જે રીતે આલેખન કર્યું છે. તેમાં સ્પષ્ટ રીતે મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ પ્રગટ થતો જોવા મળે છે. લેખિકાએ નવલકથામાં જે ભાષા, વર્ણનો, દ્રૌપદીની માનસિક સ્થિતિ,મૂંઝવણો,મનોવેદનાઓનું  જે રીતનું આલેખન કર્યું છે તેના પરથી કહી શકાય કે તેમના જીવનના કેટલાક અનુભવો તેમજ સંવેદના, વેદનાનાં  કેટલાક અંશો દ્રૌપદીના જીવન સંદર્ભે આલેખ્યા છે.

- સંદર્ભ

૧. 'વિવેચનની ભૂમિકા',લે. પ્રમોદકુમાર પટેલ

૨.'દ્રૌપદી', લે. પ્રતિભા રાય, અનુ. જયામહેતા

3."ભારતીય નવલકથામાં દ્રૌપદીઃ એક અભ્યાસ" લે. ઇશિતા દવે